જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૫/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૪૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૬ | ૧,૯૮,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૪૬/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૪૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૯૪૮/૨૦૨૨

**સાયબર ક્રાઇમઃ-** સંદીપભાઇ પૃથ્વીરાજ ટેલર (ઉ.વ.૨૯)(રહે,સિલ્વર હારમોની, ગોતા) એ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૨ થી તા.૨૩/૦૫/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)મોબાઇલ નંબર ૭૩૨૦૯૭૭૬૯૧ તથા ૮૭૫૭૩૫૦૨૬૨ ના ઉપયોગ કર્તા તથા (૨) અલગ-અલગ બેંક એકાઉન્ટના ધારકોએ ભેગામળી સંદીપભાઇને કોલ કરી તેમજ વોટસપ મેસેઝ કરી પોતે સંદીપભાઇ ની કંપનીના ઓનર ધીરેન્દ્ર ચોપડાના સગા અમીત ચોપડા બોલતા હોવાનું જણાવી તેમજ બાદમાં બીજા મોબાઈલ નંબર પરથી પોતે ધર્મેન્દ્ર ચોપડા બોલતા હોવાનું કહી સંદીપભાઇ સાથે વાત-ચીત કરી, સંદીપભાઇને વિશ્વાસમાં લઇ તેમની કંપનીની માહિતી મેળવી લઇ, કંપનીના કામે જુદા-જુદા બેંક એકાઉન્ટમાં જુદી-જુદી રકમ મોકલી આપવાની ડીટેલ્સ મોકલી, સંદીપભાઇ ખરેખર કંપનીના ઓનર “ધીરેન્દ્ર સર” હોવાનું માની તેના ઉપર વિશ્વાસ કરી મેસેજમાં જણાવ્યા મુજબના બેંક એકાઉન્ટમાં સંદીપભાઇની કંપનીના પંજાબ નેશનલ બેંક એકાઉન્ટમાંથી જુદી-જુદી રકમના ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૧,૦૩,૮૪,૦૪૨/- NEFT/RTGS દ્વારા કોલ અને મેસેજ કરનાર અજાણી વ્યક્તિએ મેળવી લઈ સંદીપભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

**શાહપુરઃ** જલશ્રીબહેન વા/ઓ મેઘલભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. સરદારકુંજ સોસાયટી બહાઇ સેન્ટર શાહપુર) એ તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૮૭૨૧૦૮૧૨૨૭ અને ૬૨૯૬૩૯૦૩૦૫ ધારકોએ જલશ્રીબહેનને ફોન કરી જલશ્રીબહેન પટેલ નાઓનુ ઇલેક્ટ્રીસીટી બીલ ભરવાનુ બાકી હોવાનુ જણાવી ઓનલાઈન ભરાવાની વાત કરી, ઓનલાઈન બીલ ભરવાની પ્રોસેસ કરાવડાવી “QUICK SUPPORT” નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી વિશ્વાસમાં લઇ જલશ્રીબહેન પટેલના બેન્ક ખાતામાંથી રૂપિયા ૩૪,૦૦૦/- નુ ટ્રાન્જેક્શન કરાવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૪૯/૨૦૨૨**

**શહેરકોટડાઃ** પ્રહલાદભાઇ શંકરદાસ પટેલ (રહે. અક્ષરદીપ પ્લેટીનીયમ નાના ચિલોડા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે અનીલ સ્ટાર્ચ રોડ સફેદ ચાલીની બહાર જય મોટર્સ કાર રીપેરીંગના ગેરેજ આગળ પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૨૯,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ટી.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

**માટીમાં દટાઇ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૫૦/૨૦૨૨**

**નારોલઃ** નારોલ ડીવાઇન લાઇફ સ્કૂલની પાસે રશ્મિ સાઉથ પર્લ સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ કામ કરતા વિનોદભાઇ બાબુભાઇ રાવત (ઉ.વ.૨૬) (મુળ વતન. રાવત ફળીયુ ગામ-રઇ તા-લીમખેડા જી-દાહોદ) તા.૨૬/૦૫/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે કામ કરતા હતા ત્યારે માટીની ભેખડ પડતા ભેખડ સાથે બેજમેન્ટના ખાડામાં પડતા માટીમા દટાઇ જતા બહાર કાઢી સારવાર માટે શક્તિ જનરલ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડોશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૫૧/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** પ્રવિણ ભેરુભાઈ રાવલ (ઉ.વ.૨૨) (રહે.રામવાડી ટેકરા રાજધાની સોસાયટી સામે ઈસનપુર) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૫/૨૦૨૨ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા પાલડી સરદારબ્રીજ નીચે ઘાટ ઉપર ઈલેકટ્રીક પોલ નં-JAWL 1707 પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**રામોલઃ** વંદનાબહેન હાર્દિકભાઇ પટેલ (રહે. ગેલેક્સી ફ્લેટ,મેટ્રો પિલ્લર ન.૧૩૩ પાસે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “આઇ” ડિવીઝન ચલાવે છે.

**વટવાઃ** વટવા ગામ ભોઇવાસ ખાતે સાસરીમાં રહેતા કનુભાઇ સ/ઓ પ્રતાપભાઇ મહીડા (ઉ.વ.૪૦) (મુળ વતન. ભોઇવાસ ગામ નાયકા તા.જી-ખેડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૨ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે વટવા રીંગરોડ ગામડી રોડ ડાયાકાકા ફાર્મ ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હે.કો મહેન્દ્રભાઇ મગનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.